દાખલ તારીખઃ– ૦૭/૦૩/૨૦૨૬
રજી.તારીખઃ– ૦૭/૦૩/૨૦૨૬
ફેસલ તારીખઃ– ૧૧/૦૩/૨૦૨૬
સમય ગાળોઃ– વર્ષ–માસ–દીવસ

**રાજકોટ જીલ્લાના મહે. ૭ માં એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુકામઃ જેતપુર.**

**ફોજ. પર. અરજી નં. ૯૪/૨૦૨૬**
**આંકઃ–**

**(૧) અશ્વિનભાઈ વિનુભાઈ વેગડા**
**ઉ.આ.વ. ૩૮, ધંધોઃ મજૂરી,**
**રહે. ભાદરના સામા કાંઠે,**
**જનમંગલ સોસાયટી, જેતપુર..........................અરજદાર.**
**(હાલઃ સબજેલ જેતપુર)**

**વિરૂદ્ધ**

**સ્ટેટ ઓફ ગુજરાત**
**નોટીસ થ્રુ એડી.પી.પી.**
**એડી.સેશન્સ કોર્ટ, જેતપુર...........................સામાવાળા.**

**બાબતઃ– બી.એન.એસ.એસ. કલમ–૪૮૩ હેઠળ જામીન અરજી...**

**અરજદાર તરફે વિ. વ. શ્રી એન. બી. પંડ્યા.**
**સામાવાળા શ્રી સરકાર તરફે વિ. એડી. પી. પી. શ્રી કે. એ. પંડ્યા.**

**ઠ રા વ**

**(૧)** અરજદારે હાલની અરજી બી.એન.એસ.એસ. કલમ–૪૮૩ મુજબ રજૂ કરી જેતપુર ઉધોગનગર પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૧૩૦૯૬૨૬૦૧૫૫/૨૦૨૬ થી બી.એન.એસ. કલમ–૧૦૯, ૧૨૬(૨), ૧૧૫(૨) તથા પ્રોહી. એક્ટની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુનાના કામે અરજીમાં જણાવેલ જુદા જુદા કારણોને લક્ષમાં રાખી જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

**(૨)** અરજદારની અરજી તેમજ બંન્ને પક્ષકારોનાં વિ. વ. શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવી તેમજ ત. ક. અમલદારશ્રીનું સોગંદનામું ધ્યાને

લીધું.

(૩) અરજદારનાં વિ. વ. શ્રી એન. બી. પંડ્યાએ એવી રજૂઆત કરેલ છે કે, આરોપી સામે બી.એન.એસ. કલમ–૧૦૯, ૧૨૬(૨), ૧૧૫(૨) તથા પ્રોહી. એક્ટની કલમ–૬૬(૧)(બી) મુજબનો ગુનો નોંધાયેલ છે. અરજદાર નિર્દોષ છે, ગુનામાં ખોટી રીતે અગાઉની અદાવત રાખી ગંભીર પ્રકારનાં ગુનામાં સંડોવી દેવામાં આવેલ છે. અરજદારે બી.એન.એસ. કલમ–૧૦૯ મુજબનો કોઈ ગુનો કરેલ નથી કે ફરિયાદી હોસ્પિટલમાં દાખલ નથી કોઈ સારવાર હેઠળ નથી માત્ર સામાન્ય સારવાર આપી તે જ દિવસે તુરત જ ડિસ્ચાર્જ કરી દેવામાં આવેલ છે. અરજદાર યુવાન વયના છે, નાસી ભાગી જાય તેમ નથી, માતા પિતા વૃદ્ધ ઉંમરના છે, જેતપુરનાં લોકલ રહેવાસી છે તે તમામ હકીકતો ધ્યાને લેતાં યોગ્ય શરતોને આધિન રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવા રજૂઆત કરેલ છે.

(૪) આ અદાલત દ્વારાં સામાવાળાને નોટીસ કાઢવામાં આવતાં શ્રી સરકાર તરફે વિ. એડી. પી. પી. શ્રી કે. એ. પંડ્યા હાજર થયેલ છે તેઓએ જણાવેલ છે કે, હાલનાં આરોપીએ ફરિયાદી સાથે અગા ઉ મારામારી કરેલ હોઈ અને ફરિયાદીએ તે વિરૂદ્ધ અગાઉ આરોપી સામે ગુનો દાખલ કરાવેલ હોઈ તેનો ખાર રાખી, ફરિયાદી પોતાનું સ્કૂટર લઈને જતાં હતાં ત્યારે આરોપીએ દારૂ પીધેલ હાલતમાં ફરિયાદીને રોકી, ફરિયાદીનાં સ્કૂટરની ચાવી કાઢી લઈ, આજે તો તને મારી નાંખવો છે તેવું કહી જોરથી ધક્કો મારી નીચે પછાડી દઈ, આડેધડ મુક્કા મારી, જાહેરમાં ભૂંડી ગાળો આપી, સ્કૂટરની ચાવી વડે ઈજા પહોંચાડી તેમજ ફરિયાદીને જાનથી મારી નાંખવાના ઈરાદે ફરિયાદીનું ગળું જોરથી દબાવી દઈ ગંભીર પ્રકારનો ગુનો આચરેલ છે, ૧૦ વર્ષથી લઈને આજીવન કેદની સજાનેપાત્ર ગુનો છે તેમજ આરોપી ઉપર અગાઉ પણ આશરે ૫૩ જેટલા ગુના નોંધાયેલ છે જેથી વારંવાર આવા પ્રકારનાં ગુના કરવાની ટેવવાળો છે, રીઢો ગુનેગાર છે તે તમામ હકીકતો ધ્યાને લેતાં અરજદારને જામીન ઉપર મુક્ત ન કરવા રજૂઆત કરેલ છે.

(૫) હાલનાં અરજદાર સામે આક્ષેપાયેલ ગુનાની ગંભીરતા, ગુનાની સજાની જોગવાઈ, બંને પક્ષોનાં વિ. વ. શ્રીઓની રજૂઆતો, રજૂ થયે કેસ પેપર્સ તેમજ તપાસ કરનાર અમલદારશ્રી તરફે રજૂ થયેલ સોગંદનામું ધ્યાને

લીધું.

વધુમાં અરજદાર સામે બી.એન.એસ. કલમ–૧૦૯, ૧૨૬(૨), ૧૧૫(૨) તથા પ્રોહી. એક્ટની કલમ–૬૬(૧)(બી) મુજબનો ગુનો નોંધાયેલ છે. જો કે હાલનાં કામે રજૂ થયેલ પોલીસ તપાસનાં કાગળો, સોગંદનામું તથા મેડીકલ સર્ટિફિકેટ ધ્યાને લેતાં હાલનાં ફરિયાદીને દવાખાને દાખલ થયા બાદ નોર્મલ સારવાર આપી તે જ દિવસે ડિસ્ચાર્જ કરી દેવામાં આવેલ છે અને હાલ અરજદાર ભયમુક્ત છે, અરજદારને કોઈ ગંભીર ઈજા પહોંચેલ હોય તેવું પણ રજૂ થયેલ પેપર્સ ધ્યાને લેતાં જણાઈ આવતું નથી. વધુમાં આરોપી ઉપર અગાઉ પણ ૫૩ જેટલા ગુના નોંધાયેલ છે તેટલા કારણ માત્રથી આરોપીનાં જામીન નકારી શકાય નહીં તે સંજોગોમાં નામદાર સુપ્રિમકોર્ટનાં **(૧) ૨૦૧૨(૧) સુ.કો.કે. ૪૦, સંજય ચંદ્રા વિ. સી.બી.આઈ. તથા (૨) ૨૦૨૦(૧૧) સુ.કો.કે. ૬૪૮, પ્રભાકર તિવારી વિ. સ્ટેટ ઓફ યુ.પી.** નાં ચૂકાદાઓમાં કરેલ અવલોકનો ધ્યાને લેતાં આરોપી સામે બીજા ગુના નોંધાયેલ હોવાનાં કારણ માત્રથી આરોપીનાં જામીન રદ કરી શકાય નહીં તેવું ઠરાવેલ છે વિગેરે તમામ સંજોગોમાં બેલ એ નિયમ અને જેલ તે અપવાદના સિદ્ધાંતોને લક્ષમાં લઈ અરજદારને યોગ્ય રકમના શરતી જામીન પર મુકત કરવા વ્યાજબી જણાતું હોઈ ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>હુ ક મ</u>

**(૧)** આ કામનાં અરજદાર/આરોપી **અશ્વિનભાઈ વિનુભાઈ વેગડાની** બી.એન.એસ.એસ. કલમ–૪૮૩ અન્વયેની રેગ્યુલર જામીન અરજી આથી શરતી **મંજૂર** કરવામાં આવે છે.

**(૨)** આ કામના અરજદારને તેમની વિરૂદ્ધ નોંધાયેલ જેતપુર ઉદ્યોગનગર પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૧૩૦૯૬૨૬૦૧૫૫/૨૦૨૬ થી બી.એન.એસ. કલમ–૧૦૯, ૧૨૬(૨), ૧૧૫(૨) તથા પ્રોહી. એક્ટની કલમ–૬૬(૧)(બી) મુજબનાં ગુના સબબ **અરજદારે રૂા. ૨૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ હજાર પુરા)** ના જામીન તથા તેટલી જ રકમનાં જાત મુચરકા સબંધિત ટ્રાયલ કોર્ટમાં રજૂ કર્યેથી નીચેની શરતોને આધિન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

<u>**શરતોઃ–**</u>

**એ.** અરજદારે ફરિયાદપક્ષનાં સાહેદોને ફોડવા નહીં કે ધાક ધમકી આપવી નહીં.

**બી.** અરજદારે સબંધિત અદાલતની પૂર્વ પરવાનગી સિવાય **ગુજરાત** રાજયની હદ છોડવી નહી.

**સી.** અરજદારે નામદાર સબંધિત અદાલતમાં જામીન આપતી વખતે પોતાનું કાયમી રહેણાંકનુ સરનામું દસ્તાવેજી પુરાવાથી જાહેર કરવું અને તેમાં નામદાર સબંધિત અદાલતની પૂર્વ પરવાનગી વગર ફેરફાર કરવો નહીં.

**ડી.** અરજદારે ફરીવાર આવા પ્રકારનું કોઈ ગુનાહિત કૃત્ય કરવું નહીં.

**ઈ.** અરજદાર જો પાસપોર્ટ ધરાવતા હોય તો સબંધિત અદાલતમાં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતાં ન હોય તો તે અંગેની હકીકત સોગંદનામાં ઉપરજાહેર કરવી.

(૩) **અરજદારે જામીન નીચેની અદાલતમાં આપવાનાં રહેશે.**

(૪) **ઉપરોકત હુકમની જાણ કરતી યાદી સંબંધિત અદાલત તેમજ સંબંધિત પોલીસ સ્ટેશનને હુકમની અમલવારી માટે મોકલવી.**

આ હુકમ આજરોજ **તા. ૧૧, માહે–માર્ચ, સને–૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તારીખઃ ૧૧/૦૩/૨૦૨૬**
**મુકામઃ જેતપુર.**

**( રાજેશ સુરેશચંદ્ર પુરાણી )**
**૭ માં એડિશ્નલ સેશન્સ જજ,**
**જેતપુર, જિ. રાજકોટ**
(Code No.GJ00727)